# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) રાજ્યસભાની 16 માર્ચે યોજનારી દ્વિવાર્ષિક ચૂંટણી પહેલા કેટલીક બેઠકો પર ઉમેદવારો બિનહરીફ જાહેર

2) કેન્દ્ર સરકારનો ઓઇલ રિફાઇનરીઓને LPG ઉત્પાદન વધારવા નિર્દેશ – ઘરેલૂ વપરાશ માટે ઇન્ટર-બુકિંગ સમયગાળો 25 દિવસ કર્યો

3) પેન્શન રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ આજે નવી દિલ્હીમાં સ્વૈચ્છિક એજન્સીઓની સ્થાયી સમિતિની બેઠકની અધ્યક્ષતા કરશે.

4) વર્તમાન પરિસ્થિતીને કારણે વૈશ્વિક સ્તરે ઊર્જા પુરવઠાને ટેકો આપવા જરૂરી પગલાં લેવા તૈયાર હોવાનું G 7 રાષ્ટ્રોએ જણાવ્યું.

5) સ્વિસ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટનો આજથી પ્રારંભ થશે - એચ.એસ. પ્રણોય અને કિદામ્બી શ્રીકાંત સહિતના ખેલાડીઓ ભારતનું નેતૃત્વ કરશે.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN RS ELECTION

16 માર્ચે યોજનારી રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણી પહેલા કેટલીક બેઠકો પર ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા છે. જેમાં પશ્ચિમ બંગાળમાં પાંચ, મહારાષ્ટ્રમાં સાત અને આસામના ત્રણ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

સાંભળીએ એક અહેવાલ..

VC: JAYESH PATEL

*(પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના બાબુલ સુપ્રિયો, કોયલ મલિક, રાજીવ કુમાર અને મેનકા ગુરુસ્વામી, ભાજપના ઉમેદવાર રાહુલ સિંહાને બિન હરીફ જાહેર કરાયા.*

*જ્યારે મહારાષ્ટ્રમાં કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે અને ભાજપના મહાસચિવ વિનોદ તાવડે અને વિપક્ષ મહા વિકાસ આઘાડીના ઉમેદવાર શરદ પવાર બિનહરીફ ચૂંટાયા છે. આસામમાં બિન હરીફ વિજેતામાં ભાજપના જોગેન મોહન અને તેરાશ ગોવાલા અને UPPLના પ્રમોદ બોરોનો સમાવેશ થાય છે.*

*જયેશ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# MORN. PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે કેરળ અને તમિલનાડુની મુલાકાતે જશે. તેઓ કેરળના એર્નાકુલમમાં 10 હજાર 800 કરોડ રૂપિયાના અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. શ્રી મોદી કાર્યક્રમ દરમિયાન સભાને પણ સંબોધિત કરશે.

ત્યારબાદ પ્રધાનમંત્રી તમિલનાડુના તિરુચિરાપલ્લીમાં પાંચ હજાર 600 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

## MORN. PM- NEPAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના અધ્યક્ષ રબી લામિછાને અને RSP ના વરિષ્ઠ નેતા બાલેન્દ્ર શાહને નેપાળ ચૂંટણીમાં જીત બદલ અભિનંદન પાઠવ્યા છે.

ટેલિફોન વાતચીતમાં, શ્રી મોદીએ નવી સરકારની રચના માટે શુભેચ્છાઓ પાઠવી અને બંને દેશોની પરસ્પર સમૃદ્ધિ, પ્રગતિ અને સુખાકારી માટે સાથે મળીને કામ કરવાની ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે સંયુક્ત પ્રયાસોથી, ભારત અને નેપાળના સંબંધો આગામી વર્ષોમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરશે.

## GOVT-LPG

કેન્દ્ર સરકારે ઓઇલ રિફાઇનરીઓને LPG ઉત્પાદન વધારવા અને આવા વધારાના ઉત્પાદનનો ઘરેલુ વપરાશ માટે ઉપયોગ કરવાનો નિર્દેશ આપ્યો છે. ઇંધણ પુરવઠામાં હાલના ભૂરાજકીય વિક્ષેપો અને LPG પુરવઠા પરના અવરોધો વચ્ચે આ પગલું લેવાયુ છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું કે સરકારે ઘરેલુ LPG પુરવઠાને પ્રાથમિકતા આપી છે અને સંગ્રહખોરી અને કાળાબજારને ટાળવા માટે 25 દિવસનો ઇન્ટર-બુકિંગ સમયગાળો રજૂ કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આયાતી LPGમાંથી બિન-ઘરેલુ પુરવઠો હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ જેવા આવશ્યક બિન-ઘરેલુ ક્ષેત્રોને પ્રાથમિકતા આપવામાં આવી રહ્યો છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું કે અન્ય બિન-ઘરેલું ક્ષેત્રોને LPG સપ્લાય કરવા માટે, ઓઇલ માર્કેટિંગ કંપનીઓના ત્રણ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સની એક સમિતિની પણ રચના કરાઇ છે.

## JITENDRA- 35TH SCOVA MEETING

જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ આજે નવી દિલ્હીમાં સ્વૈચ્છિક એજન્સીઓની સ્થાયી સમિતિની 35મી બેઠકની અધ્યક્ષતા કરશે. કેન્દ્ર સરકારના પેન્શનરોના કલ્યાણને લગતા મુદ્દે પેન્શન અને પેન્શનરોના કલ્યાણ વિભાગ દ્વારા આ બેઠકનું આયોજન કરાયું છે. આ બેઠક નીતિ સંકલનને મજબૂત બનાવવામાં અને ફરિયાદોનું નિરાકરણ કરવામાં મદદ કરશે, જેનાથી કેન્દ્ર સરકારના પેન્શનરો માટે જીવનની સરળતામાં સુધારો થશે.

# G7-OIL PRICE SURGE

ઇરાન સાથેના અમેરિકા-ઇઝરાયલ યુદ્ધને કારણે તેલના ભાવમાં વધારો થયા બાદ G7 રાષ્ટ્રોએ જણાવ્યું કે તેઓ વૈશ્વિક સ્તરે ઊર્જા પુરવઠાને ટેકો આપવા માટે જરૂરી પગલાં લેવા તૈયાર છે. જોકે, G7 નાણામંત્રીઓ અને આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સી (IEA) ની બેઠક વ્યૂહાત્મક કરાર વિના સમાપ્ત થઈ.

વર્ચ્યુઅલ બેઠકમાં, અનામત ભંડારમાંથી તેલ છોડવાના વિકલ્પ પર ચર્ચા કરવામાં આવી. ગઈકાલે તેલનો ભાવ લગભગ 120 ડોલર પ્રતિ બેરલ પહોંચ્યો હતો અને પછીથી તેમાં ઘટાડો થયો હતો.

# PUTIN-TRUMP-US IRAN WAR

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન અને અમેરિકા રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેલિફોનિક વાતચીત દરમિયાન ઈરાન અને અમેરિકા-ઇઝરાયલ યુદ્ધ અને યુક્રેન સંઘર્ષ અંગે ચર્ચા કરી.

શ્રી પુતિનના રાજદ્વારી સલાહકાર યુરી ઉષાકોવે જણાવ્યું કે રાષ્ટ્રપ્રમુખ પુતિને ઈરાન સામે અમેરિકા-ઇઝરાયલ યુદ્ધના ઝડપી રાજકીય અને રાજદ્વારી સમાધાન માટે હાકલ કરી. બંને નેતાઓએ વર્તમાન પરિસ્થિતિ અંગે વાતચીત કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## IRAN - CONFLICT

**મોજતબા ખામેનીને ઈરાનના નવા સર્વોચ્ચ નેતા જાહેર કર્યા પછી, ઈરાને ઈઝરાયલ અને ખાડી ક્ષેત્રને નિશાન બનાવીને મિસાઈલ અને ડ્રોન હુમલાઓ વધારી દેતાં પશ્ચિમ એશિયામાં તણાવ તીવ્ર વધ્યો. તેલ અવીવ અને હાઈફા સહિત અનેક ઇઝરાયલી શહેરોમાં હવાઈ હુમલાના સાયરન વાગવાના અહેવાલો મળ્યા છે.**

**સાંભળીએ એક અહેવાલ..**

VC: VISHAL

દરમિયાન અમેરિકાના સરક્ષણ વિભાગે ઈરાન યુદ્ધ દરમિયાન વધુ એક અમેરિકન સૈનિકનું મોત થયાનું જણાવ્યુ છે. યુએસ આર્મી સાર્જન્ટ બેન્જામિન એન. પેનિંગ્ટન આ સંઘર્ષમાં માર્યા ગયેલા સાતમા અમેરિકના સૈનિક છે.

## INDIAN EMBASSY QATAR

કતાર સ્થિત ભારતીય દૂતાવાસે માહિતી આપી કે છેલ્લા ત્રણ દિવસમાં દોહામાં ફસાયેલા લગભગ એક હજાર ભારતીયો કતાર એરવેઝની ફ્લાઇટ્સ દ્વારા ભારત પરત ફર્યા છે. કતાર એરવેઝે ગઈકાલે દોહા-નવી દિલ્હી ફ્લાઇટ ચલાવી જેમાં 300થી વધુ ભારતીય મુસાફરોએ ભારત મુસાફરી કરી હતી.

કતાર એરવેઝ આજે દિલ્હી, મુંબઈ અને કોચી માટે ત્રણ ફ્લાઇટ્સ ચલાવી રહી છે. ફસાયેલા ભારતીય મુસાફરોને ભારત મુસાફરી માટે આ ફ્લાઇટ્સનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી અને મુસાફરી અંગે એરલાઇન્સ સાથે સંપર્કમાં રહેવા જણાવ્યુ. દૂતાવાસે ભારતીય સમુદાયને તેમની સલામતી અને સુરક્ષા માટે કતારના ગૃહ મંત્રાલયની માર્ગદર્શિકાનું કડક પાલન કરવાની સલાહ પણ આપી છે.

## IRANIAN WOMEN'S FOOTBALL

ઓસ્ટ્રેલિયાએ ઈરાનની મહિલા ફૂટબોલ ટીમની પાંચ ખેલાડીઓને આશ્રય આપ્યો છે. આ માહિતી ઓસ્ટ્રેલિયાના ગૃહમંત્રી ટોની બર્કે આપી હતી. આ

ખેલાડીઓ એક ટુર્નામેન્ટ માટે ઓસ્ટ્રેલિયા પહોંચ્યાં જયા પોલીસ તેમને સલામત સ્થળે લઈ ગઈ હતી.

શ્રી બર્કે કહ્યું કે ટીમના અન્ય સભ્યો માટે પણ ઓસ્ટ્રેલિયામાં આશ્રય ઉપલબ્ધ રહેશે. આ જાહેરાત અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અપીલ બાદ આવી છે જેમાં તેમણે ઓસ્ટ્રેલિયાને ખેલાડીઓને આશ્રય આપવા વિનંતી કરી હતી.

## WEST ASIA CONFLICT, SEBI

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે નાણાકીય બજારોમાં વધી રહેલી અસ્થિરતા વચ્ચે, સેબીના ચેરમેન તુહિન કાંતા પાંડેએ રોકાણકારોને સંયમ રાખવા વિનંતી કરી છે. ગઈકાલે સાંજે મુંબઈમાં એક કાર્યક્રમને સંબોધન કરતાં, શ્રી પાંડેએ જણાવ્યું કે ભારતના સ્થાનિક મૂળભૂત સિદ્ધાંતો મજબૂત રહ્યા છે જે આવી અનિશ્ચિતતાઓ વચ્ચે સ્થિતિસ્થાપકતા પ્રદાન કરે છે.

તેમણે કહ્યું, પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે મુખ્ય શિપિંગ માર્ગો વિક્ષેપિત થતાં પુરવઠો અને માંગને અસર થઈ છે. તેમણે ભાર મૂક્યો કે ભારતની આર્થિક મજબૂતાઈએ ભૂતકાળમાં અનેક વૈશ્વિક આંચકાઓને પાર કરવામાં મદદ કરી છે અને સ્થાનિક બજારોને સ્થિરતા પ્રદાન કરવાનું ચાલુ રાખ્યું છે.

# VAISHNAW- WEBINAR

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ભારતનું સર્જનાત્મક અર્થતંત્ર દેશની સંસ્કૃતિ, ખાદ્યપદાર્થો અને અતિ-સ્થાનિક ઉત્પાદનોને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરી રહ્યું છે. તેમણે ગઈકાલે પોસ્ટ બજેટ વેબિનારમાં આ વાત કહી હતી.

શ્રી વૈષ્ણવે ભાર મૂક્યો કે મીડિયા મનોરંજનમાં ટેકનોલોજી પ્રાથમિક ભૂમિકા ભજવી રહી છે. તેમણે કહ્યું WAVES એક વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત મંચ બન્યું છે જે નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ નેતાઓને આ ક્ષેત્રમાં વિકાસની પદ્ધતિઓની ચર્ચા કરવા માટે એકસાથે લાવે છે.

તેમણે કહ્યું, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેક્નોલોજીસનું પ્રથમ કેમ્પસ મુંબઈમાં સ્થાપિત થઈ રહ્યું છે. જે ઉદ્યોગલક્ષી સંસ્થા દેશના યુવાનોને યોગ્ય શિક્ષણ મેળવવા અને સંબંધિત ક્ષેત્રમાં નિષ્ણાત બનવામાં મદદ કરશે.

# SWISS- OPEN BADMINTON

સ્વિસ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં, ભારતીય સ્ટાર એચ.એસ. પ્રણોય અને કિદામ્બી શ્રીકાંત ભારતનું નેતૃત્વ કરશે. આ સ્પર્ધા આજથી બાસેલમાં શરૂ થશે.

સાંભળીએ એક અહેવાલ......

VC- JAYA BHARTI

# FIH WOMEN'S HOCKEY WORLD CUP

FIH મહિલા હોકી વિશ્વ કપ 2026ની ક્વોલિફાયર્સમાં ભારત અને સ્કોટલેંડ વચ્ચેની પૂલ Bની બીજી મેચ 2-2 થી ડ્રો રહી. ગઈકાલે સાંજે હૈદરાબાદમાં રમાયેલી મેચમાં ભારતીય ટીમ મજબૂત સ્થિતિમાં હતી અને અડધા સમય સુધી 2-1 થી આગળ રહી. ત્યારબાદ સ્કોટલેન્ડે ત્રીજા ક્વાર્ટરમાં એક ગોલ કરતાં મેચ ડ્રો થઈ હતી.

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ પટેલ**

- આજના મોટા ભાગના અખબારોમાં ક્રૂડ ઓઇલના વધતાં ભાવોને મુખ્ય સમાચારોમાં સમાવ્યા છે.
- ઈરાન-ઇસરાઈલ યુદ્ધ વિનાશજ વિનાશએ ગુજરાત સમાચારની હેડ લાઇન છે .
- બ્રેન્ટ ક્રૂડમાં ભડકો રૂપિયો તળિયે એ સમાચારને સંદેશે મુખ્ય સમાચારમાં સમાવ્યા છે.
- નવ ગુજરાત સમયમાં યુદ્ધની અસર-શેર બજાર કડડભૂસ ને મુખ્ય સમાચારમાં સમાવવામાં આવ્યા છે.
- દિવ્ય ભાસ્કરે યુદ્ધ લાંબુ ચાલવાની શક્યતાઓ વધી તેને હેડ લાઇન બનાવી છે
- ગુજરાત બાર કાઉન્સિલની મત ગણતરી અટકી તે સમાચારને પણ વિવિધ સમાચારોને સ્થાન આપ્યું છે.